(16)

## 1996-'99 બ્લોકવર્ષની રજાપ્રવાસરાહતની સવલત તા. 30-6-2001 સુધી આપવા અંગે

ગુજરાત સરકાર, નાણાં વિભાગ, ઠરાવક્રમાંક : મસભ-102001-368-ચ,
સચિવાલય, ગાંધીનગર, તા. 8-5-2001

*વંચાણે લીધા :* (1) *નાણાં વિભાગ, ઠરાવક્રમાંક : મસભ-102000-1971-ચ, તા. 27-12-2000.*
(2) *નાણાં વિભાગ, ઠરાવક્રમાંક : મસભ-102001-368-ચ, તા. 1-5-2001.*

**ઠરાવ :**

આમુખમાં ક્રમાંક (2) આગળ વંચાણમાં દર્શાવેલ નાણાં વિભાગના તા. 1-5-2001ના ઠરાવ અન્વયે રાજ્યના કર્મચારીઓને આપવામાં આવતી વતનપ્રવાસરાહત / રજાપ્રવાસરાહત (ભારતના કોઈપણ સ્થળની મુલાકાત 6000 કિ.મી.ની મર્યાદામાં) તેમાં દર્શાવેલ શરતોને આધીન બે વર્ષની મુદત માટે મોકૂફ રાખવામાં આવેલ છે. ઉક્ત ઠરાવની શરતક્રમાંક : (2) અનુસાર આ હુકમો આમુખમાં ક્રમાંક : (1) આગળ દર્શાવેલ તા. 27-12-2000 ના ઠરાવથી રજાપ્રવાસરાહત બ્લૉકવર્ષ 1996-'99 કે જેની મુદત તા. 30-6-2001 સુધી લંબાવવામાં આવેલ તેને પણ લાગુ પાડવામાં આવેલ છે. 1996-'99ના બ્લૉકની સવલતને મોકૂફીના હુકમોથી મુક્તિ આપવા વિવિધ કર્મચારીમંડળો તરફથી મળેલ રજૂઆતો પરત્વે સહાનુભૂતિપૂર્વકની વિચારણાને અંતે આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે :

વંચાણમાં ક્રમાંક (2) આગળ દર્શાવેલ નાણાં વિભાગના તા. 1-5-2001ના ઠરાવની શરત નંબર (2)માંથી 1996-'99ના બ્લૉકને મોકૂફીના હુકમોમાંથી રદ કરવામાં આવે છે. અર્થાત્ વંચાણમાં ક્રમાંક (1) આગળ દર્શાવેલ તા. 27-12-2000ના ઠરાવથી રજાપ્રવાસરાહત બ્લૉકવર્ષ 1996-1999 કે જેની મુદત તા. 30-6-2001 સુધી લંબાવવામાં આવેલ છે અને 1996-'99ના બ્લૉકનો લાભ જે કર્મચારીઓએ લીધેલ નથી તેવા બાકી કર્મચારીઓ 1996-'99ના બ્લૉક વર્ષની રજાપ્રવાસરાહત તા. 30-6-2001 સુધીની મુદત દરમ્યાન લઈ શકશે.

વતનપ્રવાસરાહત / રજાપ્રવાસરાહતની અન્ય શરતો યથાવત્ રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, નીતિન મહેતા
ઉપસચિવ, નાણાં વિભાગ